# વિરમગામના શ્રી પંચમુખી હનુમાનજી મંદિર ખાતે અક્ષત કળશ અર્પણ કાર્યક્રમ યોજાયો

**મોટી સંખ્યામાં રામ ભક્તો ઉપસ્થિત રહ્યા અને ૧ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન ઘરે-ઘરે અક્ષત વિતરણ કરાશે**



વિરમગામ

શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર અયોધ્યા શ્રી રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા પૂર્વે દેશભરના લોકોને અક્ષત આપી આમંત્રણ પાઠવવામાં આવનાર છે. વિરમગામ શહેરના શ્રી પંચમુખી હનુમાનજી મંદિર ખાતે અક્ષત કળશ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત પ્રાંત અધ્યક્ષ વિશ્વ હિન્દુ પરિષદ રાજુભાઈ ઠાકર, ધર્મ પ્રચાર પ્રાંત ટોળી સદસ્ય વિશ્વ હિન્દુ પરિષદ મહંત શ્રી યોગેશદાસજી મહારાજ, સાધુ સંતો સહિત મોટી સંખ્યામાં રામભકતો ઉપસ્થિત રહ્યા હતા. તારીખ ૧ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન વિરમગામ શહેર સહિત તાલુકામાં ઘરે ઘરે જઈને રામ ભકતો દ્વારા અક્ષત પહોંચાડવામાં આવશે અને નિમંત્રણ પાઠવવામાં આવશે. ઠેર ઠેર અક્ષત કળશનું સામૈયુ, પૂજન, આરતી કરવામાં આવી રહ્યા છે અને સમગ્ર વાતાવરણ રામમય બની રહ્યું છે.



વિકસિત ભારત સંકલ્પ યાત્રા - અમદ

★★★★

વિરમગામ તાલુકાના મોટાહરીપુરા ગ

★★★★

મોટાહરીપુરા ગામે વિકસિત ભારત સંક
નિઃશુલ્ક પણેતપાસ કરાઈ

★★★★

મોટાહરીપુરા ગામના ૨૪ જેટલા લો

★★★★

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના મોટાહરીપુરા ગામે અમદાવાદ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી હર્ષદગીરી ગોસ્વામીની ઉપસ્થિતિમાં "વિકસિત ભારત સંકલ્પ રથ યાત્રા" આવી પહોચતા ગ્રામજનોએ ઉષ્માભેર સ્વાગત કરવામાંઆવ્યું હતું.

આ સંકલ્પ રથ યાત્રામા મોટાહરીપુરા ગામના ૨૬૯થી વધુ ગ્રામજનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નીહાળી હતી અને ગામના ૨૬૯ લોકોએ 'વિકસિત ભારત' માટે પ્રતિજ્ઞા લીધી હતી.

આ કાર્યક્રમમાં ૧૦૫ લોકોની આરોગ્ય કેમ્પમાં નિશુલ્કપણે તપાસ કરાઈ હતી. ૭૨ લાભાર્થીઓના આયુષ્માન કાર્ડ તૈયાર કરવામાં આવ્યા અને ૭૨ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ પણ કરી દેવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૪થી વધુ લાભાર્થીઓએ પ્રધાનમંત્રી ઉજ્વલા યોજનાનો લાભ લીધો હતો.

આ સાથે મેરી કહાની મેરી જુબાની હેઠળ ૦૩ જેટલા લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. ૨૪ જેટલા લોકોને સોઈલ હેલ્થ કાર્ડનું ડેમોસ્ટ્રેશન પણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત "ધરતી કહે પુકાર કે" અંતર્ગત પ્રાકૃતિક ખેતી અંગે નુકડ નાટક રજુ કરવામા આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી નવદીપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી દીપકભાઈ પટેલ, ગામના સરપંચ શ્રી, તાલુકાના સ્થાનિક અગ્રણીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ગામના સભ્યો, આગેવાનો, સંબંધિત વિભાગના અધિકારીશ્રી, કર્મયોગીઓ, લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

kamalam daily newspaper-30-12-2023